## મહે.શ્રી અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
## ગાંધીધામ–કચ્છ.

**ફોજદારી કેસ નંબર : ૧૧૮૫/૨૦૨૬.**

**આંક– ૦૬/બી**

**શ્રી સ ર કા ર** ... **ફરીયાદી**

**વિ રૂ ધ્ધ**

આરોપી:– મહમદ સાજી નબી હુશેન અંસારી,
ઉ.વ.આ.૨૨, ધંધો–લોન્ડ્રી,
રહે. ભારતનગર કાંઝાની રોડ, શિવમ હોસ્પીટલની સામે,
ઝુંપડપટ્ટી, ગાંધીધામ–કચ્છ.

... **તહોમતદાર**

**ગુન્હો : બી.એન.એસ.ની કલમ–૬૪,૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩) મુજબ...**

–:: **કમીટલ હુકમ** ::–

**(૧)** આરોપી સામેની ફરીયાદ અને ચાર્જશીટ તથા તપાસના કાગળો જોતા આરોપી સામે **બી.એન.એસ.ની કલમ–૬૪,૬૪(૨)(એમ),૩૫૧(૨),૩૫૧(૩)** મુજબના ગુનાનો પ્રથમ દર્શનીય આક્ષેપ છે.

**(૨)** આ કામે આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાંથી તેમના વિ.વકીલ શ્રી સાથે હાજર છે. અને આરોપીને ચાર્જશીટ તથા પોલીસ પેપર્સના કાગળોની નકલ મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. અને તેઓનુ પ્લી–નિવેદન લેતા તેઓએ જણાવેલ છે કે, તેઓ સામે ચાલનાર હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી માટે તેઓ નામદાર સેશન્સ કોર્ટમાં ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગે છે તેમજ પુરશીશથી જાહેર કરેલ છે કે, આરોપીને જેલમાં થી હાજર રખાવવામાં આવેલ છે. આ કામ નામદાર સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવે ત્યારે તેઓ સ્વખર્ચે વકિલ રોકશે તેમ જાહેર કરેલ છે.

(૩) વધુમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ કોર્ટને છે અને અત્રેની કોર્ટને કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોય, આરોપી સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા સારુ હાલનો કેસ નામદાર સેશન્સ અદાલત ગાંધીધામ કચ્છને કમીટ કરવો વ્યાજબી, ન્યાયી, અને ન્યાયોચીત જણાય છે. ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :હુકમ :–**

(૧) આરોપી મહમદ સાજી નબી હુશેન અંસારી,ઉ.વ.આ.૨૨, ધંધો–લોન્ડ્રી, રહે. ભારતનગર કાંઝાની રોડ, શિવમ હોસ્પીટલની સામે,ઝુંપડપટ્ટી, ગાંધીધામ–કચ્છ વાળા સામેનો હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ની જોગવાઈ મુજબ નામદાર સેશન્સ અદાલત ગાંધીધામ–કચ્છ ને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કેસ કમીટ કર્યા અંગેની જાણ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨(ડી) મુજબ સરકારી વકીલ શ્રી–પબ્લીક પ્રોસીક્યુટરને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામનો તમામ મુદ્દામાલ તથા રેકર્ડ નામદાર સેશન્સ અદાલત ગાંધીધામ–કચ્છ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૨૪–મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

(એમ.બી.પરમાર)

તારીખ :– ૨૪/૦૩/૨૦૨૬.     અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

ગાંધીધામ–કચ્છ.     ગાંધીધામ–કચ્છ.

(જી.જે.૦૦૮૭૧)